# પશુ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

## :: શેરડીની લીલી ચીમરી પુરી પાડવા માટેના કોરા ટેન્ડર ફોર્મ ::

**ટેન્ડર ક્રમ : .....................**

**ટેન્ડર ફી ડી.ડી./રસીદ નં. તારીખ અને વિગત :**

**અર્નેસ્ટ મની ડિપોઝીટની વિગત :**

| અ. નં. | ચીજવસ્તુનુ નામ અને સ્પેશીફીકેશન | ખરીદીનો અંદાજીત જથ્થો | ભરેલા ભાવ પ્રતિ ટન (રૂા.) |
|---|---|---|---|
| ૧ | પશુઓને ખવડાવવા માટે શેરડીની લીલી ચીમરી સાથે સામેલ શરતો મુજબ અને આપે રજુ કરેલા સેમ્પલ મુજબની ગુણવત્તાવાળો માલ અત્રેના કેન્દ્ર ખાતે FOR અને સઘળા ટેક્ષ સાથે | ૨૦૦ ટન | (અંકે રૂપિયા .................................. ............................ પુરા) |

સદર ટેન્ડર આ સાથે સામેલ શરતો મને કબૂલ મંજુર છે.

તા. : /૧૧/૨૦૧૪

**પાર્ટીના સહી/સિકકા :**

**માલીકનુ નામ અને સરનામુ :**

**કોન્ટેકટ નંબર :**

**PIN/TIN/CST/GST નંબરોની વિગત :**

PAN CARD NO. : **(નકલ સામેલ રાખવી)**

## – :: ટેન્ડર નોટીસ ::–

સંશોધન વૈજ્ઞાનિક, પશુ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, એરૂચાર રસ્તા, નવસારી (ફોન : ૦૨૬૩૭–૨૮૨૪૬૫) ખાતે પશુઓને ખવડાવવા માટે શેરડીની લીલી ચીમરી આંતરે દિવસે ૫ ટન ત્રણ માસ દરમ્યાન અંદાજીત ૨૦૦ ટન તાત્કાલીક ધોરણે ખરીદવાની જરૂરીયાત હોય, રસ ધરાવતી પાર્ટીઓએ અત્રેની કચેરી ખાતેથી ચાલુ દિવસોમાં કચેરી સમય દરમ્યાન તા. ૨૯ /૧૧/૨૦૧૪ સુધીમાં રૂા. ૫૦૦/– રોકડા જમા કરાવી અથવા **www.nau.in** પરથી ડાઉનલોડ કરી કોરૂં ટેન્ડર ફોર્મ મેળવી તેમાં દર્શાવેલ સ્પેશીફિકેશન/નિયમો/શરતો મુજબ આપના ભાવો ટેન્ડર ફોર્મમાં ભરી ઉપરોકત સરનામે બંધ કવરમાં તા. ૦૨/૧૨/૨૦૧૪સુધીમાં પોસ્ટ/કુરીયરથી પહોંચતા કરવા વિનંતી છે.

**નોંધ :** ટેન્ડર ફી તથા અર્નેસ્ટ મની ડિપોઝીટના ડી.ડી. " NAU FUND ACCOUNT " નાં નામનો પેએબલ એટ SBI, NAU BRANCH, NAVSARI ના નામનો કઢાવવો.

**જાહેરાત આપ્યા તા. :** ૨૧/૧૧/૨૦૧૪ **વર્તમાનપત્ર :** ગુજરાતમિત્ર (સુરત આવૃત્તિ)

## પશુ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

### :: શેરડીની લીલી ચીમરી પુરી પાડવા માટે મંગાવેલા ભાવપત્રકો માટે નિયમો, શરત અને સ્પેશીફીકેશન ::

| અ. નં. | ચીજવસ્તુનુ નામ | ખરીદીનો અંદાજીત જથ્થો | ખરીદીની અંદાજીત રકમ (રૂા.) | અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ (રૂા.) | ટેન્ડર ફી (રૂા.) |
|---|---|---|---|---|---|
| ૧ | પશુઓને ખવડાવવા માટે લીલી શેરડીની ચીમરી | એકાંતરે દિવસે ૫ ટન કુલ ૩ માસમાં ૨૦૦ ટન | ૩.૫૦ લાખ | ૧૦૫૦૦/– | ૫૦૦/– |

**લીલી શેરડી ખરીદવા માટે નિયમો અને શરતો :–**

૧) અત્રે દરરોજ બે (૨) ટન અને કુલ આશરે ૨૦૦ ટન શેરડીની લીલી ચીમરી ખરીદવાની છે તો તે પ્રમાણે આપના ભાવ સઘળા ટેક્ષ અને આ કચેરી બેઠાના **તા.૩૧/૦૩/૨૦૧૫** સુધી માન્ય રહે તે મુજબ ભરવાના રહેશે.

૨) આપનો ભાવ આ સાથેના નિયત ટેન્ડર ફોર્મમાં ભરી તેમાં માંગ્યા પ્રમાણે સહિ સિકકા કરી તેને બંધ કવરમાં મુકી તેની પર **" શેરડીની લીલી ચીમરીના ભાવ "** એમ લખાણ કરી **તા.૦૨/૧૨/૨૦૧૪** સુધીમાં કે પહેલા નીચે મુજબના સરનામે મળે તે રીતે પોષ્ટ/કુરીયરથી મોકલી આપવાના રહેશે.

**પ્રતિ,**

**સંશોધન વૈજ્ઞાનિકશ્રી,**
**પશુ સંશોધન કેન્દ્ર,**
**નવસારી કૃષિ યુનિવર્સિટી,**
**નવસારી–૩૯૬ ૪૫૦**

૩) આપ જે ગ્રેડ/જથ્થા/લોટમાંથી શેરડીની લીલી ચીમરી પુરી પાડવા માંગતા હોય તેમાંથી ઓછામાં ઓછુ ૫.૦૦ કિ.ગ્રા.નું સેમ્પલ ટેન્ડર ખોલવાના દિવસે આ કેન્દ્ર ખાતે ફરજીયાત આપવાનુ રહેશે. ખાસ નોંધ લેશો કે સેમ્પલ વગરના ભાવ રદ કરવામાં આવશે.

૪) ભાવપત્રક ખોલનાર સમિતિ જરૂર જણાયે ન્યુનતમ ભાવવાળી પાર્ટીને વાટાઘાટો માટે બોલાવી શકશે.

૫) ભાવ મંજુર થયા બાદ મોકલતી વખતે તેની ગુણવત્તા બાબતે નીચેના શરતોનું પાલન કરવાનુ રહેશે.

૫.૧) આપ દ્વારા મોકલવામાં આવતો માલ આપે ટેન્ડર ખોલવાના દિવસે આપેલ સેમ્પલ મુજબનો હોવો જોઈએ.

૫.૨) તેમાં ૮૦ % કરતા વધુ ભેજના ટકા ન હોવા જોઈએ.

૫.૩) તે પલળેલી, સડેલી, ફુગરહીત, બગડેલી કે બટાયેલી ન હોવી જોઈએ તેમજ તેમાં સાઠી અને પાંદડી પ્રમાણસરના હોવા જોઈએ. તેમજ પશુના સ્વાસ્થ્યને નુકશાન કરતા ઝેરી ઘાસ રહીત તેમજ અન્ય પ્રકારના ઘાસ રહીત હોવી જોઈએ.

ઉપરોકત શરત મુજબનો માલ પુરો પાડેલ ન હોય તેવા કિસ્સામાં કેન્દ્રના વડાનો નિર્ણય આખરી ગણાશે.

૬) આપે માલ ફકત કચેરી ચાલુ હોય તેવા દિવસો અને કચેરીના કામકાજ દરમ્યાન જ (જાહેર રજા, બીજો–ચોથો શનિવારના દિવસોમાં કચેરી બંધ હોય અને કચેરીના કામકાજના કલાક સવારે ૮:૦૦ થી સાંજે ૫:૧૦) મોકલવાનો રહેશે અને માલનો વજન આપની કક્ષાએથી સરકાર માન્ય વે બ્રીજ પર કરાવી લેવાનો રહેશે. જરૂર જણાયે વજનની ખાતરી યુનિવર્સિટી ફાર્મ ખાતેના વે બ્રીજ પર અત્રેના કેન્દ્રના સ્ટોર કર્મચારી/અધિકારી દ્વારા આપના પ્રતિનિધિ/ડ્રાયવરની હાજરીમાં કરવામાં આવશે. આવા કેસમાં કાંટા ચીઠ્ઠી પરનો વજન અને યુનિવર્સિટીના વે બ્રીજ પર કરવામાં આવેલ વજન પૈકી જે વજન ઓછો હશે તે માન્ય રહેશે.

૭) આપનો ભાવ મંજુર થયેથી સત્વરે માલ પૂરો પાડવાની શરૂઆત કરવાની રહેશે અને ઓર્ડર મુજબનો સઘળો માલ ત્રણ માસની અંદર પુરો પાડવાનો રહેશે તેમજ માલનું ઉધારબીલ દર અઠવાડીયે/પખવાડીયે અત્રે રજુ કર્યા બાદ પેમેન્ટની કાર્યવાહી કરવામાં આવશે. જો આપ ત્રણ માસની અંદર નિયમો અને શરતો મુજબ માલ મોકલવામાં નિષ્ફળ જશો તો આપની ઈ.એમ.ડી. જપ્ત કરવામાં આવશે.

૮) આપના બીલનુ ચૂકવણું કરતી વખતે નિયમ મુજબ ટી.ડી.એસ. કપાતને આધિન રહેશે. પાન કાર્ડની નકલ સામેલ રાખવી.

૯) જે પાર્ટીઓના ભાવો ગ્રાહય રહેશે નહીં તેઓની ઈ.એમ.ડી. ની રકમ આશરે ૧૫ દિવસમાં પરત કરવામાં આવશે અને જે પાર્ટીના ભાવો મંજુર રહેશે તેની ડિપોઝીટની રકમ ખરીદ કાર્યવાહી પૂર્ણ થયા બાદ નાણાકીય વર્ષના અંતમાં પાર્ટીની માંગણી મુજબ પરત કરવામાં આવશે.

૧૦) અત્રેની કચેરી ખાતે આપના ભાવ મળશે તે વખતે આપે સઘળી શરતો વાંચી છે અને તે તમામ આપને સ્વીકાર્ય છે તેવું માનવામાં આવશે જેથી આપે ભાવ ભરતા પહેલા આ સઘળી શરતો વાંચીને જ ભાવો ભરવાના રહેશે. આપનું ભાવપત્રક સ્વીકારવું, અથવા ભાવપત્રકના અમુક જ ભાવો સ્વીકારવા કે સંજોગોવસાત આખુ ભાવપત્રક રદ કરવાના અધિકાર નીચે સહીં કરનારનો રહેશે તેમજ કાનુની બાબતોમાં નવસારી કાનુની સત્તા મંડળ રહેશે.

**પાર્ટીની સહી–સિકકા**